શ્રી નવીન શ્રી નવીન શ્રી નવીન

શ્રી ગણેશાયનમઃ

શ્રી. નવીન ખુશી ઉપજાવનાર.

સુગડતારા નાટક.

(ભારતા રૂપિ ત્રીઅંકી.)

રચી પ્રસિદ્ધ કરનાર

રામી દુર્લભરામ ગીરધરદાસ

ઠે. વડનગર સલાટવાડા

વિસનગર—વિસનગર પદ્માકર પ્રીંટીંગ પ્રેસ.

અમદાવાદ—અમદાવાદ ડાયમંડ જ્યુબિલી પ્રેસ.

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦

કીંમત ૩૦-૨-૦

શ્રી નવીન શ્રી નવીન શ્રી નવીન

શ્રી ગણેશાયનમઃ

શ્રી. નવીન ખુશી ઉપજાવનાર.

સુગડતારા નાટક.

(વારતા રૂપિ ત્રીઅંકી.)

રચી પ્રસિદ્ધ કરનાર

રામી દુલભરામ ગીરધરદાસ

ઠે. વડનગર સલાટવાડા

વિસનગર—વિસનગર પદ્માકર પ્રીંટીંગ પ્રેસ.

અમદાવાદ—અમદાવાદ ડાયમંડ જ્યુબિલી પ્રેસ.

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦

કીમત રૂ૦-૨-૦

પાત્રો.

સુત્રધાર	ખેલ ભજવનાર.
નટી	તેની સ્ત્રી
ગર્વસિંહ	જનકપુરનો રાજા.
સુખડતારા	તેની પુત્રી.
કેશુરિંહ	તેનો પુત્ર.
કુમુન્દીની	તેની સ્ત્રી.
પ્રધાન	ગર્વસિંહનો.
સૈન્યાધીપતી	ગર્વસિંહનો.
જાફરખાં	લશ્કરી અમલદાર.
ખીસોરસિંહ	કનકપુરનો રાજા.
કનકાવતી	તેની સ્ત્રી.
નારસિંહ	તેનો પુત્ર.
પ્રધાન	તેનો.
સૈન્યાધીપતી	તેનો.
અમીરસિંહ	ખીસોરસિંહનો પીત્રાઈ
ચંદ્રસેન	એક સાધારણ ઠાકોર.
શીરાજ	એક મહંત.
નાથારાત	હજામ.
જહાંગીરશા	દીલ્લીનો બાદશાહ.
કાજી	જહાંગીરશાહનો.
વજીર	તેનો.

સૈન્યાધીપતી ... ... તેનો.
રાક્ષસ, ચોરો, લુટારાઓ, સીપાઈ, સાહેલીઓ, છોકટાઓ, બ્રાહ્મણ વીગેરે, વીગેરે, વીગેરે.

વિજ્ઞાપના.

સર્વે સ્વદેશી જનો તેમજ સર્વે દેસ્યાભીમાની ગૃહસ્થો પ્રત્યે અરજ એ છે કે મેં એક લઘુ (નાનું) પુસ્તક રચી હાથ જોડી અરજ કરૂછુંકે મને પીંગળનું જ્ઞાન બીલકુલ નથી પણ મારા અંતસ્કરણની ઉમેદ એવી હતીકે મારે કોઇ ચોપડી બનાવી સર્વે ભાઇઓની સેવામાં રજુ કરવી પરંતું લખવામાં હું બીલકુલ પ્રવીણ નહી હોવાથી મને કંઈ પણ સુજ પડતી નહોતી પણ છેવટે મને મનમાં નીશ્ચય થયો કે વારતા રૂપી ચોપડી બનાવી પુરી કરૂં એજ પ્રમાણે દયાળુ પરમેશ્વરે કૃપા કરી તેથી આપ સર્વે ભાઇઓની સેવામાં રજુ કરૂંછું જેથી હું પરમેશ્વરની મતીનો પુરણ આભાર માની તેમને પ્રીતે સષ્ટાંગ નમસ્કાર વારંવાર કરૂંછું આ પુસ્તક રચવાનો મારો પ્રથમાથી ઇરાદો હતો તેથી કોઈ પણ ઠેકાણે ભુલચુક પાત્ર લખાણ થયું હશે તે ગુણ માની સર્વે જનો સુધારી વાંચશો ને જે આ પુસ્તકમાં જે જે લખાણ થયું હશે તેનો સાર ગ્રહણ કરશો એવી આશા છે.

વિનંતી ગ્રંથકર્તા સર્વને નમસ્કાર કરૂં છું.



શ્રી નવીન, શ્રી નવીન, શ્રી નવીન.

શ્રી ગણેશાયનમ:

શ્રી નવીન ખુશી ઉપજાવનાર.

સુઘડતારા નાટક.

(વાર્તારૂપી ત્રીઅંકી.)

સુત્રધાર— મંગળા ચરણ સ્તુતી.

ઓ ગણપતિ દેવા (૨)
પ્રેમ ધરી કરૂ પુરણ શવા. ઓ ગણપતિ૦
તત્વર જાતું દર્શન કરવા, તુજ દર્શનથી પામું મેવા. ઓ૦
શીવ ઇત્યાદી દેવો સઘળા, સરવેને નમસ્કાર મારા એવા. ઓ૦
પૂજન કરવા વખ્ત થયો છે. થાળમાં અબિલ ગુલાલ લેવા ઓ૦
નવિન નામ જેર બનાવ્યું, સુગડતારા પ્રીતે બજાવું, ઓ૦
કપટી, ચપટી, જપટી, સઘળા. સરવેનો નાશ કરે તું દેવા ઓ૦
આટલી અરજ મારી ઊરમાં ધરજો, જય જય સૌ મુખે ઉચરજો ઓ૦

આહાહા આ કેવી રમણીયક ભુમી છે, પ્રીયા તમે બાહેર આવો.

નટી— આવી પ્રાણનાથ આ દાસીને શી આજ્ઞા છે.

સુત્રધાર— વ્હાલી આ શ્રોતા જનોનાં મનરંજન કરવા માટે તમારા મધુર અને કોમળ સ્વરથી એક ગાયન સંભળાવો.

નટી— જેવી પ્રાણનાથની ઇચ્છા. (ગાયન ગાય છે)

પુરણ પ્રતથી એ રાગ.

ઘણા હેતથી (૨) સુગડતારા, બજવીએ, રીજવીએ.
સૌ સભા જનોને આ સમે, ધન્ય, ધન્ય, પ્રતિ જુતા.
ઇ.ક. બાત, તેં વચારો, પુરણ હેતથી તેં નમાને.
વખ્તો વખ્ત દાસી જાણી, પુરો મારી આશ. ઘણા૦

સુત્રધાર— પ્રીયા હવે તમે સરવે પાત્રોને સજ કરો હું પણ આવું છું.

નટી— જેવી પ્રાણેસની આજ્ઞા. (જાય છે.)

સુત્રધાર— અહાહા કેવું નાટક છે આ નાટક દેવ લોકોને પણ પસંદ હશે હવે હું પણ જઇ તેમનો મદદ કરૂં (જાય છે)

પ્રવેશ બીજો.

સ્થળ સુઘડતારાનો મેહેલ.

સુઘડતારા.— અરે ઇશ્વર આ મારી રમણિક ભૂમી કેમ મને ભયંકાર જેવા લાગે છે પણ કંઇ નહી, આજ મારા આત્માને પણ ચેન નથી માટે ચાલ સુઇ જાઉં અને આરામ લઉં (સુઇ જાય છે.)

ચોરો— અલ્યા ચુપ ચુપ આવજે હોકે જો કોઇ જાગશે તો જેલમાં પુરશે.

બીજો.— આ જોકનેતો ચોરી કરવા નેકળા છે અને બીહે છે

ત્રિજો.— અલ્યા મેલ તારૂ ડાપણ હમણાં ચીબાકે જાગશે તો ફજેત કરશે.

ચોથો.— અલ્યા ઓલ્યા તું કમાડ આગળ ઉભો રેહજે હવે સાગે જણા મેહેલમાં સીએ સીએ.

કોઠીયો.— હારૂં જાઓ.

ચોરો.— અલ્યા એ મડબર ટરણીમાં કોક અંદરના ઘરની અપથડા ઉંઘી છે અધુધુધુંતુ ચેટલું ગરેણું પેરૂ છે ઉપાડો ઉપાડો હેંન્ડલ્યા (ઉપાડી જાય છે.)

પ્રવેશ ત્રિજો.

સ્થળ જંગલ રાક્ષસની જગ્યા.

ચોરો.— અલ્યા એ ચેમ સરી શું બોલ હવે

બીજો— એમાં હું કરતુંસે ગરેણું બધું હું લઉં.

ત્રિજો.— અલ્યા તમે એકલા.

ચોથો.— તમે તો ઠીક શીખ્યા છો પણ આ સરો જોસો હે

કોઠીયો— એય તમારે એકલાંને લેવુંસે બસ હવે મારને મરૂ આવી જાઓ આવી જાઓ (લઢે છે.)

સુઘડતારા.— (ચમકીને) અરે પ્રભુ આ કોણ છે કોઇ બચાવોરે બચાવો (બુમમારે છે)

રાક્ષસ.— હો બોતદીન હુવા કોઇ નહી મીલાથા અબ આયા હે કહાં જાયગા સબકુ માર ડાલુ ફિર એ છોકરી કોણ હે. (બધા ચોરોને મારે છે ને સુઘડતાસને છોકરી તરીકે રાખે છે.)

પ્રવેશ ચોથો.

ગર્વ સિંહની કચેરી.

ચોપદાર નેકી પોકારે છે.

ચોપદાર— આસ્તે કદમ મુલાકાતસે કદમ શીરછત્ર મુગટમણિ ગર્વસિંહ માહારાજને ઘણી ખમા ?

ગર્વસીંહ— વારૂ પ્રધાનજી હાલમાં રાજ્યની બ્યવસ્થા શી રીતે ચાલે છે.

પ્રધાન.— નેક નામદાર આપની આજ્ઞા મુજબ સરવે પ્રજા સુખ શાંતીથી વરતે છે.

ગર્વસીંહ— વારૂ સેન્યાધીપતિ હાલમાં લશ્કરનો બંદોબસ્ત કેવી રીતે રાખો છો.

સૈન્યાધિપતી. મહારાજ આપની આજ્ઞા મુજબ સરવે લશ્કર તૈયાર છે.

ગાયન.

(અહોનીશ સઉપર રહો ગાજ તાજ. એ રાગ.)

ખુશીમાં રહો સરકાર આજ (૨)
ગાજી રહે રાયની એટલી ધરીએ રાજુ ખુશી.
મુખેથી રાય મારૂં બોલે તે પળ ય
પૃથ્વીમાં નામ પ્રખ્યાત તમારૂં દુશ્મન થર થર કંપે સમાજ
સનનન છુંમ સનનન છુમ સનનન છુંમ છનનના ખુશી.

શીપાઈ.— મહારાજ આપણી બેન સુખડતારાનાં કોઈ પાપી હરણ કરી ગયો છે તેથી આપને કહેવા સારૂ આવ્યો છું.

ગર્વસીંહ.-- અરે શું મીયાં સાચી વાત કહોછો કે જુઠી.

શીપાઈ.— અંનદાતાર સાચું કહું છું મારે જુઠું બોલી શું કામ છે.

ગર્વસીંહ.— પ્રધાનજી તમે હાલ જઇ તપાસ કરો.

પ્રધાન.— જેવી આજ્ઞા (જાય છે.)

ગીતી.

ગર્વસીંહ.— પાપી કોણ પેદા થયો
પુત્રી તણું હરણ કરી ને ગયો (રાજા મુરછા ખાય છે)

પ્રધાન.— મહારાજા આપ આવડા ડાયા થઇને આમ શું કરો છો,

ગર્વસીંહ.— (નીરાસ થઇને) પ્રધાનજી હાલ સુખડતારાનું શું થયું હશે ને એ વાહલી પુત્રી કયાં હશે.

પ્રધાન.— માહારાજા આપ શા માટે ચિન્તા કરો છો એ દુષ્ટના શા બાર પડશા છે હાલ તમે નીચિંત રહો (કચેરી બરખાસ્ત થાય છે.)

પ્રવેશ પાંચમો.

સ્થળ રસ્તો.

ગાયન.

રાગ. લાવણી.

ભુવન— રે કર્યાં દુષ્ટોએ કેર મારૂં જાય કેર તો થાય જીવને
શાંતી એવી છે મનમાં ભ્રાંતી
રે જાઉં જંગલમાં આજ કરવાને કાજ મહીપતીનું
આજે એવી છે મનમાં આશે.
આ રાજ્ય ભુલીને મેલી શણગાર કરૂં સો ફેરી આ
બખતર હું તો ચડાવી કરૂ શોધ સકુના પહેલી એવી. રેકર્યાં

અહા બહુ ખોટું થયું છે પણ શા બાર પડયા છે ચલ જીવ પહેલો અહીંઆંથી છાવણીમાં જાઉં ને જાહેરખાંને કહી લશ્કર શોધવા માટે મોકલાવું અને પછીથી હું પણ જાઉં (જાય છે.)

પવેશ. છઠ્ઠો.

ગર્વસિંહનું વિચાર ભુવન.

ગર્વસીંહ— અરે હાય વાહલી પુત્રી વાલી પુત્રી તું કયાં હઈશ હાય હાય જીવવા કરતાં મરવું બહેતર છે (અડું આણું જોઈ કટાર ખાવા જાય છે.)

કેશુસીંહ— પીતાજી આપ આમ બાવરા કેમ બની ગયા છો ને તમને મારાથી શું દુઃખ છે તે એકદમ કટાર ખાવા જાઓ છો તે મને કહો.

ગર્વસિંહ— (ઉદાસ થઈને) બેટા વાહલી પુત્રી સુમંદતારાનું કોઈ પાપી હરણ કરી ગયો છે.

કેશુસીંહ— પીતાજી આપ આ શું બોલો છો તેવું હોયજ નહીં

ગર્વસિંહ— બેટા હું જુઠું બોલતો હોઉ તો તારા સોગન છે.

કેણુસીંહ.— પીતાજી ત્યારે આ સાચી વાત કહોછો.

અર્વંસિંહ— હા બેટા સાચે સાચું કહું છું.

કેણુસીંહ— પીતાજી ત્યારે ગભરાશો નહીં હું તેની શોધમાં જાઉં છું અને હરણ કરનાર પાપીને જ્યારે મારા હાથે મારીશ અને સુગડતારા બેનને લાવીશ તોજ પાછો નગરમાં આવીશ. નહીં તો આ નગરનું અન્ન, પાણી મારે હરામ છે પીતાજી આ ખરી પતિજ્ઞા લેઇને કહું છું મને રજા આપો.

અર્વંસીંહ.— બેટા પુત્રીનું તો હરણ થયું અને તમે પણ જઇ કરાછો પણ નથી જવું હાય મારી ટ્ઠ અવસ્થામાં મારી થી દશા થશે બેટા નથી જાવું.

ગાયન.

(બધ કી લો એ રાગ.)

કેણુસીંહ.— કેમ મુંઝવાછો બાપુ આ વાર
બસ મારૂં જઇને હર કરૂં દુષ્ટનો સંહાર કેમ.
નથી જાણતા કે સિંહ બાળ થશે શું ક્ષયમે કેમ.
આ મુંઝટ રજાય કરૂં જઇને સંહાર કેમ

પીતાજી હવે ઢીલ કરવામાં ફાયદો નથી માટે મને રજા આપો.

અર્વંસીંહ — (નીરાશ થઇને) બેટા છુમ ના કહેવાં કપાઇ જાય છે પણ હાય શું કરૂં લાચાર છું.

ગાયન.

(૧૩ છે.) ગીતી રાગ.

બેટા તમે પણ જાઓ રાજ સઘરું ખાવા ધારી,

હાય હવે નથી જીપાય એકે તું સોગન ખાય છે;
પણ પુત્ર ઝટ દઇ આવજે વાર જરાક નહી કરીશ,
નહી ગમતું હતું પલ એક તે દાહાડા હવે કેમ જશે.

પુત્ર પોતાનું કામ કરી વહેલા પધારજો પણ બેટા જો કદાપી પહેલી મુદતમાં નહીં આવી પહોંચ્યો તો તુજ પિતાના તારા વીના પ્રાણુ જશે માટે બેટા સુખે જાઓ ને બેનની શોધ લેઇ વેલા આવજો.

કેશુસિંહ — બહુ સારૂં પીતાજી હું સુખડતારા બેનની શોધ લેઇ વેલો આવીશ. (જાય છે)

પવેશ સાતમો.

સ્થળ છાવણી.

પ્રધાન.— જાફરખાં તમે એકદમ લશ્કર તૈયાર કરો સુખડતારા બેનનું કોઇ પાપી હરણુ કરી ગયો છે માટે હાલને હાલ તમે તપાસ મ ટે મોકલો હું પણ જાઉં છું (જાય છે.)

જાફરખાં— અહા એના કોણ પાપી પયદા હુવા હોયગા કે રાજ પુત્રીકા હરણુ કરકે જાયગા અહો મેરે બાહદુર સિપાઇઓ આપ આપકા સબ જંગલ છોડકે તલાસ કરો જાઓ.

લશ્કર—. હમ જીસકી નોકરી કરતા હે ઉસકે લીએ મગર એ જીવ જાયગા તે બહેતર હે.

પ્રવેશ આઠમો.

સ્થળ (બાદશાહી કચેરી.

જાંગીરશા— ક્યું કાજી શાબ એ કનકપુર વાલા બીસોસિંહ બહોત દીનસે ખંડણી નહી ભરતાહે તો ફીર ઉસકા કયેસા કરના ચાહીએ જો તુમેરે મગજમે આવે સો કહેદો.

કાજી— દેખો બાદશા હજુર એ મનકપુર વાલેકુ બહોત મીજાસ આ ગીયા હે ઉસકે બાસ્તે સોકું લડાઈ દેની ચાહીએ

જાંગીરશા.— બહોત અચ્છા તુમ કહો એસા કર લેકે ઉસકા કયા મન હુએ સો જીએગા.

ગાયન.

(જનમો જનમ એ રાગ.)

ચંદાકુંવર— આપકી મુલાકાત કરનેકુ આઈ સૈયાં
બેઠે સિંહાસન રાજ કરોગે આપકી૦
આપકે ઉપર મે વારિ વારિ જાતી સૈયાં આપકી૦
અહલ મનસાફ સભીકું દો સૈયાં આપકી૦

જાંગીરશા.— અહા કયેસા અચ્છા ગાવણા હમ વજીરજી ઉસકુ ખજાનામે સે એક હજાર મહોર ઇનામ તરીખે આપો.

વજીર.— જેસા ખુદા બીંદકા હુકમ ચલો ચંદાકોર તુમેરેકુ ઇનામ દઉં.

ચંદાકોર.— હાં, હાં, હાં, ચલીએ જીનાબ ચલીએ (જાય છે)

જાંગીરશા.— ક્યું કાજી સાહેબ યે બાહારસિંહ ઉપર ચડાઇ કરનેકી કેતની દેર હે

કાજી. સાંભળીયે બાદશા હજુર પહેલા બીલોરસિંહ પે કાગળ લખના ચાઈએ ફીર ચડાઓકી બાત ..

જાગીરશા.— બહોત અછા એસા કરે ગે (કચેરી બરખાસ્ત થાય છે)

પ્રવેશ નવમો.

સ્થળ રસ્તો.

નાથારાત.— મારા છોકરાની બા કેહતી હતી કે તમારા ડોહાનું કાપડું છે તે રૂપીયા લાવ્યા વીના છુટકો નથી, પણ કયા કયાં ગુમી આવ્યો પણ સ્વપનાના વખતમાં કોઈ હા પાડતું નથી પણ આપડે જાંહા ઘેરથી નીકળ્યા એટલે એક વીચાર મનમાં આવ્યો હતો પણ મારૂં હાર ક્યાંઈ લાગ મળતો નથી પણ ગાંભળ બાઈ છાયે હીંમત શું કરવા હારીયે પેલું કોણ આવે છે (જુવે છે)

છાકટાઓ— કેમ ક્યાં નાથારાત.

નાથારાત— આવોને બાઈ સાહેબ (મનમાં છેલાણી જેવા દેખાય છે.)

છાકટાઓ— કેમ ખુશીમાં તો છોને નહીં

નાથારાત— હા બાઈ હું ખુશીમાં છું પણ તમારા બાજા ખુશીમાં છને

છાકટાઓ— અરે એ શું બોલો છો નાથારાત

નાથારાત— નાના હલકાંનો તો બોલતો નથી.

છાકટાઓ— કેમ ગમ્મત થાય છે કે શું.

નાથારાત.— નારે બાઈ સાહેબ ગેહેલા શું થાય.

છાકટાઓ— ત્યારે એમ કેમ બોલો છો.

નાથારાત— આ જીરીક્તર દેખાય છે લાગ આવે તો સોમણી મારં તમારી સોબતે કર્યા મણ તમાન જેવાનાં થયા તો.

છાકટાઓ.— હમારા જેવું થવું છે તો ચાલો ત્યારે જમાડી આવો (જાય છે)

પ્રવેશ દસમો.

(સ્થળ જંગલ રાક્ષસની જગ્યા.)

રાક્ષસ.— ક્યું બેટી તીજેકું ઇદર અચ્છા લગતા હે કે નહી

સુઘડતારા— હું સૈ સાથમાં રહેનારી મને આ ભયંકર જંગલમાં કેમ ગમે, તમે પણ આખો દીવસ જંગલમાં જતા રહો છો.

રાક્ષસ.— બેટા તેરેકું સાથ લેના હે બહોત અચ્છા અબી હાલ તો મે' ચારા લેનેકુ જાતા હું પણ કલ જાઉંગા તેરે વાસ્તે સાથ લેકર આઉંગા મુજાના મત મુજાના મત (જાય છે)

કેશુસિંહ.— બેન રોયશ નહી મુંજાયશ મકી તને અહીંઆં કોણ લાવ્યું છે તે કહે.

સુઘડતારા— ઓ બાઇ ઓ માગ બાપ બાઈ તું અહીંઆં ક્યાં આવી ચડયો છે હવાં પાપી રાક્ષસ આવશે તો તારૂં મરણ થશે માટે તું જતા રહે.

કેશુસીહ— અરે એ પાપી રાક્ષસના તો આ ભાર પડયા છે.

રાક્ષસ— ખાઉં ખાઉં ખાઉં.

કેશુસીંહ— અરે પાપી હમણાં ક્યાં ખાવાનું છે મને આ

મારી સમસેરજ તને ખાશે ચાલ દુષ્ટ આ સામો.

રાક્ષસ— કયા કુચ ડરાતા હું આજા. [રાક્ષસ મરણ પામેછે.]

કેણુસીંહ— બેન ચાલો તમે ગયાં છો ત્યારના પીતાજી ઘરાઇને ધાન ખાતા નથી.

સુઘડતારા - ભાઇ એમાં મારો શો વાંક છે હું મહેલમાં સુતી હતી ને ચોરો મને ઉપાડી લાવ્યા હતા ને આ રાક્ષસે ચોરોને મારી મને બેટી તરીકે રાખી હતી.

કેણુસિંહ— હસે બેન જે બનવાની હતી તે બની ગઇ હવે ચાલો.

સુઘડતારા— હા ભાઇ ચાલો ત્યારે. (જાયછે)

પ્રવેસ અગીઆરમો.

સ્થળ ગર્વસિંહની કચેરી

ગર્વસિંહ— પ્રધાનજી તમે સરવત્ર આવ્યા પણ હજુ વાલો પુત્ર કેણુસિંહ કેમ ન આવ્યો. (ઉદાસ થાયછે.)

પ્રધાનજી— મહારાજા એનો જંગલનાં કામ છે રખડતાં રજ ડતાં ક્યાંઇ પતો લાગ્યો તો લેઇને આવશે હજુ મુદતમાં બે દિવસ બાકીછે શું કરવા શોકાતુર થાઓ છો (એટલામાં કેણુસિંહ તથા સુઘડતારા આવે છે.)

ગર્વસિંહ— બેટા તું કયાં ગઇ હતી કેણુસિંહ ભાઇ બેનનો પતો ક્યાંથી લાગ્યો. (એમ કરી ભેટે છે.)

સુધડતારા— પીતાજી મારૂં હરણ ચોર લોકો કરી ગયા હતા ને રાક્ષસની જમામાં હું રહેતી હતી ત્યાંથી કેશુસિંહ ભાઇએ આવી રાક્ષસને મારી મને બચાવી અહીં લાવ્યા છે.

અર્વસીંહ— સાબાસ છે બેટા સાબાસ છે તેં તારી માતાની કુખની તથા તારા પીતાની કીરતી વધારી માટે તને સાબાસ છે.

પ્રધાન— રાજ કુંવર તમે હતા તોજ આ સુધડતારા બેન આવ્યાં નહીં તો હમોને તો બીલકુલ આશા નહોતી.

અર્વસિંહ— બેટા તમારી માતુશ્રી પાસે ચાલો તે ઘણીજ દીલગીરીસ કરે છે પ્રધાનજી કચેરી બરખાસ કરાવો.

પ્રધાનજી— જેવો નેકનામદારનો હુકમ (કચેરી બરખાસ્ત થાયછે.)

પ્રવેશ બારમો.

સ્થળ રંગ મહોલ.

કુમુદીની— હાય રાજા કહી કહી મારી જીભ પણુ ઘસાઇ ગઇ પણ પુત્રના તથા વાલી કુંવરીની શોધ નથી કરાવતા અરે હવે હું શું કરૂં બાળ્યુ આ જીવવું જીવવાને પણ ધિક્કાર છે એવામાં રાજકુંવર તથા કુંવરીને આવતા જોઇ ઘણી હરખાંણી બેટા સુધડતારા તું ક્યાં જતી રહી હતી તારા વીના મને ગોઠતું નહોતું.

સુધડતારા— માતા મને પાપીઓ ઉપાડી ગયા હતા.

કુમુદીની— હશે બેટા કાંઇ ફિકર નાં કરીશ સૌ સારાં વાંની

જમાં હવે ચાલો જમવા વખત થયો છે બેટા (જાય છે)

નારસિંહ.— [ચાલતાં ચાલતાં] હું લઈ આવ્યો પણ મને તો બોલાવ્યો સરખો નહી માટે બરંવ સ્ત્રીને પુત્રી વાલી હોય.

અંક બીજો.

પ્રવેશ પહેલો.

સ્થળ બીજોરસિંહની કચેરી.

બીજોરસીંહ.— હાલમાં રાજ્યની કેવી સ્થિતી લાગે છે તે જણાવો વારૂ.

પ્રધાન.— નેકનામદાર સર્વ પ્રજા સુખ શાંતિથી આનંદમાં છે

બીજોરસીંહ.— કેમ સૈન્યાધીપતી હાલમાં લશ્કરનો બંદોબસ્ત કેવી રીતે રાખો છો

સૈન્યાધિપતી.— બહુ સારી રીતે રાખું છું જે વખત આપ હુકમ કરો તે વખત તૈયાર છે

સિપાઇ— બાદશા હજુરને યે કાગજ ભેજેલાહે.

પ્રધાન.— દેખું કેસા હે.

સિપાઈ— લો (આપે છે)

પ્રધાન.— નામદાર દીલ્લી પતી લડાઇ માગે છે.

બીજોરસિંહ— પ્રધાનજી દીલ્લી પતિના સીપાઇને કહો કે જાવ તારા દીલ્લી પતિથી થાય તે કરીયે લડવા તૈયાર છીએ (સિપાઈ જાય છે ને કચેરી બરખાસ્ત થાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળ જંગલ જાંગીરશાનું લશ્કર.

લશ્કર— આહા ચલને ચલને પાઉ પણ થક ગીયા તોભે કનકપુર નહીં આયા પુણ ચાલો ભાઇ ચલતે ચલતે જો રસ્તા કટાશે ખરા.

અફુતોલખાં— દેખો તુમ બોલને હોગે કે હમ અત્યારસે થક ગીયા તો પીર વાં લડાઇ કેસી કરોગે નીમક હરામ કરતે હોગે બખબાસ.

ગાયન.

(અરસપરસ) એ રાગ.

નીમકકા બદલા દેનેકુ ચલો સભી ખરે ખરે (૨)
મારો હારે જાકે આ વાર, જટ જટ જટ. નીમક૦
તીર તરકસ ને ખંજર મારો જાને આ ઠાર. મારો૦
નીમકકા બદલા દેનેકુ ચલો સભી ખરે ખરે. (૩)

જાય છે.

પ્રવેશ ત્રીજો.

સ્થળ કનકાવતીના મહેલ.

કનકાવતી— પ્રીય સખી હજુ સુધી રાજા કેમ નાં આવ્યા મને એમના વીના ચેન પડતું નથી.

દાસી— બાઇ સાહેબ એતો રાજ કાજનાં કામ છે કોઈ તોફાન જાગ્યું હોય તો વાર પણ લાગે એમાં ઉચાટ શું કરવા કરવા પડે.

કનકાવતી— દાસી તું જાતો ખરી (એવામાં રાજા આવે છે) વાલા આજે કેમ આટલી બધી વાર લાગી.

બીલોરસિંહ— પ્રીયા એતો રાજ્યનાં કામ છે એમાં એટલું બધું અકળાવું શું કરવા પડે કોઈ દિવસ મોડું પણ થાય ને કોઈ દીવસ વહેલું પણ થાય.

કનકાવતી— પણ વાલા બનતા સુધી વાર ન લગાડવી.

બીલોરસિંહ— પીયા હું કયારે વાર લગાડું છું પણ જાંગીરશા બાદશાહે લડાઇ માગી છે તેથી રજા લેવા આવેલો છું

કનકાવતી— વાલા એ શું બોલોછો મારે તો કયાંઈ જવું નહીં.

બીલોરસિંહ— પ્રીયા નાં જઇએ તો દુશ્મન જોર કરે માટે લડાઈ આપ્યા વિના છુટકો થાયજ નહીં માટે મને રજા આપો હું હાલ પાછો આવીશ.

કનકાવતી— સ્વાનાથ એ કદાપી બનસેજ નહીં માટે નથી જવુ.

બીલોરસિંહ— પીયા નકામી રકજક શું કરવા કરે છે મને જલદી રજા આપ શત્રુ સામા આવી ઉભા હશે માટે શું થશે અફસોસ બેઠી છે મને રજા આપ.

કનકાવતી— ગાયન

(કોઈ સુણો મેરી ફરિયાદ) એ રાગ.

તમે જાવા ના જરવાર. (૨)

દુષ્ટ પાપી એતો નહીં દયા ધરે દીલમાય. માંય માંય. માંય તમે.

બીલોરસિંહ-- સંકટ વખતે બીજું નહી આપો રજાજી આવાર

રક્ષણ કરશે એ પ્રભુને શા પડયા ભાર. એ માંય માંય માંય

કનકાવતી.— તમે જાશો નહી ભરથાર (૨)

બિલોરસીંહ— પ્રીયા હવે ઝાઝી વાર કરવામાં ફાયદો નથી માટે હું જાઉછું (સીપાઈ આવે છે)

સીપાઈ.— મહારાજ પાપી આવી પહોચ્યા છે

બિલોરસીંહ.— જા આવુંછું (જાય છે)

કનકાવતી— ફાસી હવે કેમ કરીશું કાંઇ સુજ પડતી નથી

દાસી.— બાઇ સાહેબ ઇશ્વર સૌ સાય કરશે શું કરવા મુંજાઓ છો

નારસિંહ.— મા ભુખ લાગી છે ખાવા આપને

કનકાવતી— બેટા ચાલો આલું [જાય છે]

પ્રવેશ ચોથો.

સ્થળ લઢાઇ.

જાંગીરશા.— હો મેરે બાહદુર સીપાઇઓ બહોત ચેતન હોકે રેહના આથાકે બીલોરસીંહ બડા હુશીયાર હેગા [બીલોરસીંહ આવે છે]

ગાયન.

બીલોરસીંહ.— રાગ ક્ષત્રીકલંક

કોણ માત્રમાં તું છે જાંગીરસાય આવીજા મારા સામો તું તોરે

હજી ક્ષત્રી નુર રહ્યું છે મુજમાંય આવી.
તને દેખાડું દીલ્હી પતિ મારા હાથ આજીજા મારા.
છો જતો લડતાં અહીંયાં મારો પ્રાણ આવી.
પછે ભલે લેજે મારૂં રાજ આવી.

જાંગીરશા—

નહી આઇતીજેકું કુચ સર્મ મેં રાખી તેરી બોહોત ગણેરી
અબ હોજા મેરે સાંગને આવાર મેરા.
તો ફિર ક્ષત્રી પણા દેખાતાહેં મુજ સાથ મેરા.
અબ નહિ જાને દહું તીજેકુ આવાર મેરા.
ચલ દુષ્ટ કર લઢાઇ સરૂઆત મેરા.

બીલોરસિંહ— પાપી લીબ્બહજી અભીમાન તારો ગયો નથી ચ સાંમો થા

જાંગીરશા— ચલો બીલોરસીંહકુ કેદ કરકે લે ચલો અબ હોંચુકા ઉસકા પાપીકુ બહોત અભીમાન આગીયા થા.

બીલોરસિંહ— હાય પાપીએ દગેથી લઢી કેદ કર્યું.

જાંગીરશા— ક્યા દેખ રહ્યાહો લેચલો બડા સેતાનહેં સમાલના
(જાયછે.)

પ્રવેસ પાંચમો.

સ્થળ જંગલ રાણી તથા નારસીંહ

કનકાવતી— અરે પ્રભુ મેં તારૂં શું બગાડયું હતું કે એકદમ આવો ... અરે પ્રભુ હવે મારી શી વલે થશે કોઇ દીવસ તડકો

સરખોયે દિઠો નથી તે છતાં અન્નનાં પણ સુમીયાં નથી હાય હરી હવે હું કયાંજાઊં ને શું કરૂં.

નારસિંહ— ઓ માતા ઓ મારી વાલીમાતા તું શું કરવા રડેછે જે બનવાની હતી તે બની ગઈ હવે રડે શું થવાનું છે પણ ઓ માતા મારો જીવ પાણી વીના સુકાઇ જાયછે માટે આ વન છોડી બીજા વનમાં જઇએ તો સારૂં.

કનકાવતી— બેટા આવા ભયાનક જંગલમાં પાણી કયાં હસે પણ તું અહીંઆં બેસ હું પાસેના વનમાં તપાસ કરવા જાઉ છું.

નારસિંહ— ના માતા હું તારી સાથે આવીશ.

કનકાવતી— બેટા થાકયો પાકયો તું બેસ હું હાલ પાછી આવુંછું

નારસિંહ— પણ ઓ માતા તું એકલી જઇશતો તને કોઇ શત્રુ હેરાન કરશે માટે મને સાથે લેતી જા.

કનકાવતી— બેટા આપણ દુખીયારાને કોઇ હેરાન કરનાર નથી માટે તું બેસ હું હાલ પાછી આવુંછું. (જાયછે.)

નારસિંહ— અરે પ્રભુ પાણી વીના જીવ ગભરાયછે. (રડેછે.)

ગુંડારા— અલ્યા આપડે સોગતાતા તેવુંજ છોકરૂં મલ્યુ છે ઉપાડો લ્યા શું જોઇ રહ્યાછો.

નારસિંહ— અરે દુષ્ટો તમે કોણછો.

ગુંડારા— કોણતે તારો કાકા હીંડતું હોયતે હીંડ છાનુંમાનં નહીંતો હમડાં મારવું પડશે.

નારસિંહ— અરે આતો નહીંજ માને પણ લાવ્ય જરીક ડર

બતાબાદે અરે પાપીઓ તમે નહીંજ માનો ત્યારેતો તમારૂં આવીજ બન્યુંછે. (તલવાર કાઢેછે)

લુંટારા—ઓ બાપલીઆ. (નાસીજાયછે)

નારસિંહ— અરે પ્રભુ હજુ સુધી પાણી લેઇને માતા કેમ નાં આવી શું થયું હશે પાપી કોઇ મલાતો નહીં હોય માતા માતા. (રડેછે ને છાને માને આવી લુંટરા પકડેછે.) અરે પાપીઓ મુકો તમે કોણછો અને મને સા સારૂ પકડોછો મેં તમારૂં શું બગાડયું છે.

લુંટારા— હમારૂ હું બગાડે માતાનો ભોગ આલવા દોહોડ.

નારસિંહ— હાય દગો થયો હવે શું થશે માતા માતા હું પાપીના હાથે ફસાયેલું તારા શા હાલ થસે. (રડેછે.)

લુંટારા— હવે રડવાથી હું થવાનું સે લઇ હેડોલ્યા (લેઇજાયછે)

પ્રવેશ છઠો.

સ્થળ જંગલ.

કનકાવતી— અરે પ્રભુ હું અભાગણી પાણી વાસ્તે આખું વન રખડી પણ પાણી કયાંઇ નથી મલતું હાય વાંઝા પુત્ર પાણી વીન પોકાર કરતો હશે હાય હવે હું કયાંથી લઇજાઊં અરે પ્રભુ આ ર અબળા ઉપર કંઇ દયા લાવો (રડેછે એવામાં વટેમાર્ગુ આવે છે.)

વટેમાર્ગુ - બાલી બાઇ તું કેમ રડે છે ને આ ભયાનક જંગલમ. એકલા જાતે કેમ નીકળી છે તે કહે

કનકાવતી. [illegible]ણીછું અને રાજ બાદશાના [illegible] થવાથી આ જંગલમાં પુત્રસહીત આવી ચઢી છું પુત્રને પાણીની તરસ

લાગવાથી પાણીની શોધ કરવા નીકળીછું અને પાસેના જંગલમાં પુત્રને બેસારેલો છે આખું વન ભમીને થાકી પણ પાણી નથીમળતું

વટેમાર્ગુ— બહીબાઇ અપસોસ કરીશ નહી હું પાણી બતાવુંછું

કનકાવતી— ભાઇ તારૂં પરમેશ્વર સારૂ કરશે ને તારો ગણો એક આભાર માનીશ માટે મને જલદી બતાવો.

વટેમાર્ગુ— . પેલી ઝાડીમાં વાવ છે ત્યાંથી પાણી ભરીલેઇ જાઓ હુ પણ જાઉછું [જાયછે.]

કનકાવતી— અરે ઇશ્વર વટેમાર્ગુનું સારૂ થજો જે મને પાણી બતાવ્યું નહી તો શું કરોત લાવ્ય જલદી પાણી ભરી જાઉં (જાયછે)

પ્રવેશસાતમો

સ્થળ જંગલ

કનકાવતી— બેટા નારસિંહ તું કયાં છે હું તારા વાસ્તે પાણી લાવીછું કેમ બોલતો નથી [જુંવેછે] [નહી ભાળવાથી) અરે હાય તું કયાં ગયો તારી માતાને મુકી તને જવું કેમ ગમ્યું [અચાનક] પણ અરે પ્રભુ કોઇ ઉપાડી તો નહી ગયું હોય કોઈ શત્રુ તો નહી માર મારી લેઈ ગયો હોય પણ ના કોઇના પંજામાં આંવે તેવો તો નથી પણ જોવા દે અરે આ રૂમાલ કોના નીશ્ચય કુંવર નોજ છે અરે હાય કોઈ પાપી લેઈ ગયા રડેછે,]

રૂપીરાજ— અરે આ કોણ રડેછે લાવ્ય જોઉ તો ખરો (જુવેછે] અહા આ તો કોઇ દુખી અબળા જણાય છે લાવ્ય

જરા પુછું [પુછે છે) અરે બાઈ તું કેમ રૂદન કરેછે

કનકાવતી— મહારાજ હું દુખીયારી છું પુત્રને કોઇ પાપી ઉપાડી જવાથી પુત્ર નો ખેદ કરૂં છું

ઋષીરાજ— બેન ગભરાઇશ નહી તારા પુત્ર નો વાલ વાંકો થનાર નથી ને તું ચાલ મારી સાથે મારા આશ્રમે તારી શોધ કર તું કોઈ તારૂ માણુસ આવે તો સુખ્યે જજે

કનકાવતી— ચાલો ત્યારે [જાય છે]

પ્રવેશ આઠમો

સ્થર માહાકાળીનું દેવળ

લુંટારા— ઓ માતા આ તને માનેલી માનતા ચડાવવા અવ્યા છીયે તે માંની લેજે.

ના.સિંહ— અરે ભાઇયો મેં તમારૂં શું બગાડયુંછે કે મને તમે વધેરોછો તેમાં માતા તમારૂ શુ સારૂ કરછે માટે છોડાદો

લુટારા— હવે તારૂં ડહાપણ મેચકને નહીતો હવડાં મારવુ પડસે ચીધુ હુભું રહે

નારસિંહ— અરે પ્રભુ આ દુષ્ટને તો દયા નથી માટે લાવ્યજો કોઇ આ પાસેના જંગલમાં હોયને બુમ સાંભળેતો બચાવશી (બુમ મારેછે) અરે કોઇ દુખી બાળકની વારે ધાઓ વારે ધાઓ (એવામાં સીકારે નીકળેલો અમીરસિહ આવી તેને બચાવેછે)

અમરસીંહ.— અરે દુષ્ટો તમે કોણછો તમારૂ આવીજ

બન્યું છે આ નીરાધાર બાળક ઉપર તમે જુલમ કરવો ધારોછો તોલ્યો તમારૂંફલ તમનેજ મલશે (મારે છે) બાઈ તમે કોણછો

નારસીંહ— બાઇ હું રાજપુત્ર છું અને દુખમાં ઘેરાઇ ગયેલો છું મુજ પીતાને બાદશાએ કદકર્યા છે ને મુજ માતા મારા વાસ્તે પાંણીની શોધ કરવા ગઈ હતી ને આ પાપીયો મને અહીંયા લાવ્યા

અમરસીંહ— અરે આ નાના બાળકને પણ બહુ દુખ પડયું છે

ગાયન.

(કોઈ હાલ કહો જાકે એ રાગ.)

આ કેવો કોમળ છે બાળ
એની માતા દીસે છે વીશાળ. આ કેવો.
શુશોભીત એનું મુખડુ ભાગી
હેત આવે છે આવાર આ કેવો.
દુખે એ ઘેરાઇ ગયો છે
હારી બેઠો છે હામ આ કેવો.
એના વાસ્તે પ્રભુએ મોકલ્યો
શા કારણ મુજને આ ઠાર આ કેવો.

બાઇ તમે ઘણા દુખી જણાઓ છો

નરસિંહ.— હા બાઇ મારૂં દુખ સંભાળતાં મને રડતું આવે છે

ગાયન

બાઇ લાવ્યા લુટારા મુજને
લાવી આણ્યો આને ઠામ બાઇ.

પુર્વના પુન્ય પરતાપે કરીને
બચાવ્યો મુજને આ ઠામ   ભાઇ.
બેઠો હતો હું જંગલ વિષે
ત્યાંથી લાવ્યા આ ઠામ   ભાઈ.
માતા પાણીની શોધ કરવા ગઈ
ઉચકી લાવ્યા આ ઠામ   ભાઇ.

અમરસીંહ— હશે ભાઇ કાંઈ ચીંતા નહી મારી સાથે ચાલો

નારસીંહ— હા ભાઇ ચાલો ત્યારે (જાય છે)

પ્રવેશ નવમો.

સ્થળ રસ્તો.

અમિરસિંહ— ભાઈ માહાવીકટ જંગલ છે અને પાછા બે રસ્તા આવ્યા છે માટે કીયા રસ્તે જાઉ કહો

નારસિંહ— મોટાભાઇ તેમાં મને શું પુછોછો ને તે કરતાં મારોમત લેતા હોવ તો આ જમણી બાજુના રસ્તે ચાલો.

અમિરસિંહ.— ત્યારે એની બાજુપર ચાલો ભાઇ (જાય છે)

પ્રવેશ દશમો.

સ્થળ રાજબાગ ગરબો.

સુઘડતારા— વાલી બેનો આવો આપણે એક રસીક ગરબો ગાઇએ.

સાહેલીઓ.— હા બેન ચાલો.

ગરબો.

રુડી રડી આળી રાત એ રાગ.

હેતે રમીએસૈયર આજ(૨)હરખ ધરીને અતી ઉમંગમાં
ફુરીએ ફુદડી આવાર(૨)લાવીને હેત અતીશે અંગમાં હેતે.
આવ્યું ઘેલું જોબન મનમાં
લાગી હરખ્યા રૂતું તંનમાં ઓય માંણો મોજમાં હેતે રમીએ.
દેખું પુનમની ચાંદની નેચંદ્ર તેજ અંબાર
કોમળ કંથ વીણુ બાળકા જુવે પતિની વાટ
કોમળ અંગી અતી મદમાતી
કંથ વીના એતો ઘણી સુકાતી
જેનો આધાર છે પૃથ્વીમાં એ કરસે સૌ સાગ
રટણુ કરૂં ઓ પ્રભુ મન ગમતો કંથ આપ
સીદ રખડાવોરે રસીલા પ્યારા સીદ રખડાવોરે
મોહ જગ્રુાવી પાછા વાસા મન ભમાવોરે.
શરમના આવેરે રસીલા સુંદીર શરમ ના આવેરે
અબળા એકલડિને નહાક તરફડાવો રે
આશા રાખું હેતે પતિ કરવા તમ મેળાપ
ઘડી પલકમાં ભેગાં થવા યુકતી કરો મમ નાથ
હું તો ઉઠું પ્રભાત (૨) બારીએ બેસીને જોતી વાટડી હેતે રમીએ.

સુઘડતારા.— પ્રીય બેન આજે મારા જીવને ચેન કેમ નથી પડતું

સાહેલીઓ.— હોવે બેન હવે તમારા જીવને શાનું ચેન પડે

સુખડતારા.— એનો આમ મશ્કરીઓ શું કરવા કરોછો

સાહેલીઓ.— બેન એમાં મશ્કરી શાની હવે ઉમર લાયક થયાં માટે બેન નજ પડે તો.

સુખ તારા.— જાઓ જાઓ બેનો આમ શું કરવા બોલો છો

સાહેલીઓ.— કેમ બેન હમે બોલીએ છીએ તે તમને ન ગમ્યું

સુખડતારા— વ્હાલી સખીઓ ગમ્યું પણ એવું તે બોલાય

સાહેલીઓ.— સારૂં બેન હવેથી નહી બોલીએ

સુખ તારા.— તો ઠીક ત્યારે ચાલો હવે આપણે બાગમાંથી સુગંધીદાર પુષ્પો વીંણીએ ચાલો બેનો. (ફુલવીણે છે)

નારસિંહ— અહો પ્રિય અમરસીંહ ભાઇ આ કેવો રમણીક બાગ છે જરા તેમાં બેસી આરામ લઈશું.

અમિરસિંહ— નારસીંહ ભાઈ જરા આગળ જઇને બેશીશુ ચાલો

નારસિંહ— હા ભાઈ પધારો ત્યારે. અહાહા પેલી કોઈ રાજકુંવરી પોતાનું બદન પ્રકાશીત કરી જોબનમાં કેવી ઝુકી ઝુકી ઝોલા ખાય છે પણ તે આપણે શા કામની

અમીરસિંહ— ભાઇ શા વીચારમાં છો.

નારસિંહ— એતો કંઈ નહી ભાઇ મનમાં વિચાર કરતો હતો કે ઇશ્વર હવે સુખની ઘડી કયારે દેખાડશે.

અમીરસિંહ— હા ભાઇ એતો હું સમજ્યોછુ ચાલો. (સુ. તા. રા. દેખી ચમકી જાય છે.)

સુઘડતારા— ગાયન

(અલબેલે પેલે નયન કટારી) રાગ

સુગડ સુગંધી સુંગનારે પ્યારે મારી મોહજાળ
લીકારો છેલો હ્રદય વસ્યોછે કરતો પ્યારપ્યાર
થાઓ ગુણવંતાં શાણી ગેલા કેમ
ઉભા રાખ્યને દોડને વાલી રસીકલાલને વાલી રસીકલાલને. સુગડ
હરનીશ રણ કરાવે કાંમદેવ
શાણી શાણી બેની મારી જવાદો આ ટેવ
મુકી બેઠી ગડીકમાં સરવેનું નેમ
હા હા મુકી બેઠી મુકી બેઠી તેમાં તારેતો છે કેમ
વીચાર તું
વીચારૂં છું
દાસી વેગેથી તું જા દાસી વેગેથી તુ જા. સુગડ

સાહેલીયો— બેન ધીરજ રાખો ગભરાશો નહીં

સુઘડતારા— બેન હવે તે ધીરજ શી રીતે ધરાય વાલો મદન અમી હોલાવનાર પાસે થઇનેજ ચાલ્યો જાય જાઓને જાઓને

દાસી— રાજ કુંવરજી આપ જરીક મેરબાની કરી તસ્તીલેઇ કેતકીના જાડ પાસે પધારવા કૃપા કરશોજી સબબકે રાજ કુંવરી સુઘડતારા બાઇ તે હમારી બાઇસાહેબ એકા એક બેભાન થયેલાંછે માટે ભાનમાં આંણવાને મેં બહુ યત્ન કર્યા પરંતુ કાંઇ સુધી લાગી નથી માટે આપ પધારી સુધીમાં લાવવા તસ્તી લેશો.

નારસિંહ— હે સુગડતારા એ શું એતો નામ મેં આજે નવીનજ સાંભળું છું તે રાજકુંવરી છે

દાસી— હાજી વખત બહુ થયો માટે પધારોતો સારૂં

નારસિંહ— હા ચાલો ભાઇ અમીરસિંહજીભાઇ આપ જરા અહીં બીરાજો હું જોઇ આવું

અમીરસિંહ— વારૂ જાઓ (જાયછે અરે હું કેવો વીચાર કરતો હતો ને આ શું થયું આતો નારસિંહનું ભાગ્ય ભળ્યું પણ કાંઇ ફીકર નહી જોઇ લેવાશે

સુઘડતારા— (ચમકીને) ડરમાં તું દીલ સાથ એ રાગ

તમે આવો વાલા નાથ રસીક સુંદીર આવો વાલા નાથ
તમે છો વાલા પ્રાંણથી પ્યારા
એક ચીત્યે તમને હું ચાઊં ચાલો ભુવન મારૂં બતાવું
જોતાં ચંદ્ર સરખું અજવાળું પહેરી સણુગાર મુખ નીરખું તમારૂં
વાલા બીશો નહી હું તમારીજ છું પધારો
તમે ચાલો લટકાસાથ રસીક સુંદીર આવો વાલાનાથ
તમે હઠીલાં છો બહુ જકીલાં
તમારે મારે પીછાણ નહી કાંઇ
જતો ગુસાફર રોકયો શું આંઇ
જાઓ ત્યાં મુસાફરનું શું કામછે
તમે ચાલો લટકા સાથ રસીક.

નારસિંહ— તમે આમ શું કરવા કરો છો તે હાલમાં બનનારજ નથી

સુઘડતારા— વાલા હું તમને મારા ખરા દીલથી ચાહુંછું માટે પધારો

નારસિંહ—રાજકુંવરી જો તમારો આટલો બધો આગ્રહ છેતો થઇ પડશે

સુધડતારા— વાલા થઇ પડશે એમ શું બોલોછો તમે દીલાસો આપી જતા રહેશો

નારસિંહ—જો તમને વીશ્વાશ નાં આવતો હોયતો લ્યો મારૂં વચન છે.

સુધડતારા— વાલા જશોજ.

નારસિંહ— રાજપુત્રી ગયા શીવાય છુટકો છેજ નહી શાથીકે મારો પરમ ઉપકાર કરનાર વાલા મીત્રને બેસાડીને તમારી પાસે આવેલો છું માટે જઇશ.

સુધડતારા— વાલા તેમને અહીંયાં બોલાવોતો કેમ.

નારસિંહ - રાજપુત્રી તે મારાથી મોટાછે માટે અદપ રાખવી જોઇએ જાઉંછું (જાયછે.)

સુધડતારા— અરે તેતો ગયા હવે હું કેમ કરૂં

દાસી— બેન ધીરજનાં ફળ મીઠાંછે માટે ધીરજરાખો અકળાશો નહી

સુધડતારા— દાસી જે દીવસથી મેં તેમના મુખારવિંદનાં દર્શન કર્યા હતા ત્યારથીજ મનેતો કાંઇ ચેન પડતું નથી માટે દાસી કેમ કરૂં

દાસી— બેન સૌ સારૂં થશે માટે હવે ચાલો (જાયછે

અંક ત્રીજો

પ્રવેશ પહેલો

સ્થળ રસ્તો

નારસિંહ— અહા ભાઇ હવેથી મ[illegible] એમ [illegible] કુંવરની [illegible]

અમીરસિંહ— હા મનેપણ એમજ લાગેછે કે સુખની ગડી ઇશ્વરે નજીકજ આણીછે હા હા હા શુ ભાઇના મનમાં હરખ ઉત્પન થયેલો છે પણ ઇયાદ રાખ્ય નારસિંહ ઇયાદ રાખ્ય હજુસુધી તેં અમીરસિંહના સપાટા જોયા નથી પણ તે જોવાને ઇશ્વરે વખત પાસેજ આણ્યોછે જેમ બકરીના હાથમાંથી લાગેલો શિકાર વાઘ કેવી જડપથી લેઇ જાય છે તેમજ હું તારી પાસેથી લઇશ લઇશ ને લઇશ એ તારા મનમાં ખાતરી કરજે પણ હાલ બોલવું તે ગેરવ્યાજબીછે પણ વખતનાં ગીત વખતે ગવાય હાલ બોલવાની મતલબ નથી

નારસિંહ— કેમ ભાઇ શું વીચારમાં છો ચાલોને

અમીરસિંહ— હા ભાઇ ચાલો કાંઇ વીચારમાં નથી (જાયછે)

પ્રવેશ બીજો

સ્થળ જેલખાનું

બીલોરસિંહ— પાપી પાપી તેં મને દગેથી પકડયોછે પણ હાય શું કરૂં કેદ કરેલોછું પણ સાચેજ ઇશ્વર સાય કરશે તારા દીલને ખાતરીકરજે

સીપાઇ— કયું અબ તેરી ગડબડ છોડાતાહેકે નહી

બીલોરસિંહ — મીયાં ઇસમેં તુંમ હુકમ કાયકું ચલાતેહો

સીપાઈ— બેઠ બેક છાંના માંના નહીંતો અબ કુચ કહેના પડેગા

બીલોરસિંહ— અહા હજુ સુધીતો મેં કોઇનો દુંકારો ખાધો નથી ને આશું બોલે

ગાયન

અરર અરર એરાગ

જુલમ જુલમ જુલમ પાપી આતે કેવોછે હાય
નીતી સર્વે ત્યાગીએ ધર્મ ખેદ કીધોતેં
ફળ તેનું મલસે તુજને જુલમ.
મનમાં ત્હારા નીશ્ચે કરજે ક્ષત્રી છુંહું અપુર્વ કાય જુલમ.

સીપાઈ— ચલ ચલ અબ તેરી સબ હોંશીયારી છોડ

બિસોરસીંહ— શીપાઈ તેરા મોં સમાલકે બોલ નહીતો હું પણ ક્ષત્રી છું માટે વિચાર કર

શીપાઇ— તુમ કયા કરોગે તુમેરેસે કોણ ડરતા હે,

બીલોરસીંહ— કોણ ડરતા હે તો દેખલે સપાટા (મારે છે.) હવે અહીંયાં રેવામાં ફાયદો નથી માટે ચાલ જાવાદે (જાય છે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ જંગલ.

બીલોરસિંહ — અહા પાપીએ મને ખરાબખસ્ત કરી નાખ્યો પુત્ર તથા વાલી પ્રીયા કયાં હશે ચાલ તપાસ કરવા દે

પ્રવેશ ચોથો.

સ્થળે રૂષી આશ્રમ

રૂશી — કેમ બેન અહીંયાં તને ઠીક પડે છે ને કાંઇ દુઃખતો નથીને

કનકાવતી — પિતા તુલ્ય રૂષીરાજ અહીયાં મને સુખ તો અત્યંત છે પણુ વાલા પુત્રની તથા વાલા સ્વામીની શી વલે હશે

રૂષી — બેન તારો પુત્ર તથા તારો સ્વામી ખુશીમાંજ છે પણ આ દુનીઆમાં કોઇ કોઇનું નથી માટે તને હું એક દૃષ્ટાંત દઉં તે તું સાંભળ પછે તે ઉપરથી તું વિચાર કર

ભજન

પરભાતીયાનો રાગ

સગપણુ સાચું શાનું બાઈ શું માયાને વલગ્યું રે
ગરજ ગરજ સહુ મળ્યું છે અંતે રહેશે અળગું રે. સગપણુ
મોટા મોટા મેહેલ બનાવી, ફુલ્યાં ફુલ્યાં ફરવું રે;
એ મહેલમાં કોણુ માલશે તારે તો છે મરવું રે. સગપણુ
બચકે બાંધ્યા વસ્ત્રને વાગ ગણું ગરેણું ભરવું રે
એ બધાં [illegible] રશે. તારે તો છે મરવું રે. સગપણુ
ઘોડા હાથી માલ ખજાનો, સુખપાલમાં ફરવું રે,
એમાં જાણો કોણ માલસે, તારે તો છે મરવું રે. સગપણુ.
ધનને ખાતર તન કસીને, ભુમી ભેગું ભળવું રે
ઘડી એ તો રામનામની જાય છે, તારે તો છે મરવું રે. સગપણુ.
ભજન કરીલે મન વેરાગી, ફુટ હૈયાના ફુટયા રે
માટે જે રામનામ તનમાં તેને તો રામ રૂઠયા રે. સગપણુ.

કનકાવતી— અહા રૂશીરાજ આજ મારા મનને બહુંજ સંતોષ થયો માટે કરી રોજ આવું આવું એક એક ભજન મને સંભળાવો તો મારો જીવ ઘણો ખુશી થશે.

રૂશી— સારૂ બેન જેમ તને ગમ્યું તેમ કરીશું પણ હાલ પુજા કરવાનો વખત થયો છે માટે તમે બેસો હું આ તુળશી ક્યારાના છોડને પાણી પઇ લઉં

કનકાવતી— પિતાજી એ શું બોલો છો લાવો હું પાઉં છું તમો સેવા કરવા બેસો અને પાઇ રહ્યા પછી તમારે પુજનમાં જોઇતાં ફુળ તમને આપીશ.

રૂશી— સારૂ બેન ત્યારે તેમ કરો હું સેવામાં બેસું છું.

બીલોરસિંહ— અરે ઇશ્વર વાલા પુત્રનો તથા વાલી પ્રીયાનો ક્યાંઇ પત્તો લાગતો નથી અને તરશે પણ જીવ સુકાઇ જાય છે અહા આ આશ્રમ કોનું છે લાવ્ય પુછું કોણ છે મંદીરમાં

રૂશી— એ કોણ હશે.

બીલોરસિંહ— મહારાજ એતો કોઇ નહીં હું એક મુસાફરછું પાણીની તરશ લાગી છે માટે પુછું છું.

રૂશી— ઉભારો ભાઈ પાય છે બેસો, બેન૰ અહીંઆં આવો આ કોઇ મુસાફર આવેલા છે તેમને પાણી પાઓ.

કનકાવતી— પિતાજી આવું છું હવે બેજ ક્યારા બાકી રહ્યા છે.

બીલોરસિંહ— અરે પ્રભુ શોરતો વાલી પ્રીયા જેવો સંભળાય છે. પછે કોણ જાણે

રૂશી— ભાઇ તમે કોણ છો કોઈ મોટા માણસ જેવા લાગો છો માટે સાચે સાચું બોલો અહીંઆં શા કારણથી આવેલા છો.

બીલોરસિંહ— મહારાજ હુ રાજા છું, પુત્રની તથા રાણીની શોધ માટે નીકળેલો છું અને જતાં જતાં તરશ લાગવાથી આવ્યો છું.

કનકાવતી— અરે બોલી તો વાલા જેવી લાગે છે ચાલ વેલી વેલી જાઉં.

બીલોરસિંહ— પ્રીયા રોશો નહીં વાલો પુત્ર નારસિંહ કયાં છે.

કનકાવતી— સ્વામીનાથ નારસિંહનું કોઇ પાપી હરણ કરી ગયો છે ને હું આ રૂપી સાથે અહીંઆં આવી છું.

બીલોરસિંહ— રાણી તે વાતનો બીલકુલ અફસોસ કરશો નહીં તેની તપાસ કરીએ છીએ માટે ચાલો.

કનકાવતી— રૂશીરાજ મને રજા આપો હું જાઉં.

રૂશી— આ કોણ છે.

કનકાતી— રૂશીરાજ હું હરરોજ યાદ કરતી હતી તે છે.

રૂશી— બેન એમ કે ત્યારે સુખે જાઓ.

બીલોરસિંહ— કૃપા રાખજો મહારાજ જાઇએ છીએ.

રૂશી— હા રાજવી સુખે જાઓ કનકાવતી બેન હુંશિયાર રહેજો રાજવી હુંશિયાર રહેજો.

કનકાવતી— સારૂ પિતાજી તમે અમારો ઉપકાર બહુ કર્યો છે. તે હું ભુલનાર નથી હુંશિયાર રહેજો.

રૂશી— બેન એમાં શાનો ઉપકાર એતો આત્માની રૂડી છે હુંશિયાર રહેજો બેન.

પ્રવેશ પાંચમો.

સ્થળ શીવમંદીર.

બ્રાહ્મણ— આજે સુખડતારા બેન પુજન કરવા આવવાનાં હતાં તે કેમ ન આવ્યાં. લાવ જોવા દે ઓ ઓ ઓ કોક આવે છે ખરૂ લાવ જરીક તાલમેલ થઇને બેસવા દે.

સુધડતારા— પ્રીય બેનો ચાલો મહારાજ પણ આવેલા છે. મહારાજ આ થાળ ચડાવો.

બ્રાહ્મણ— બેન થાળના રૂપીઆ જાણો છો કે પછે થાળજ.

સુધડતારા— મહારાજ એમાંય વળી રૂપીયા જોઈતા હશે કે

બ્રાહ્મણ— હ્યો ત્યારેતો એમને એમજ થાળ ચડતી હશે કયાંઇ સાંભળી છેકે બેન એમને એમ બોલો છો

સુધડતારા— વારૂ માહારાજ કેટલા રૂપીયા જોઇતા હશે

બ્રાહ્મણ— કેટલા તે વળી રૂપીયા પચીસ થાળના ને પચીસ આરતી ઉતાર્યાના ને પચીસ રૂપીયા ઇદર તીદર સામગ્રીના ને પચીસ રૂપીયા દક્ષણાના કાંઇ તમારી પાસેથી વધારેતો નહીં લીજીએ

સુધડતારા— સારૂ મહારાજ જે ચાલ હશે તે આપીશું

બ્રાહ્મણ— 'આપીશું એમતે વળી થાળમાંતે થતું હશે કે મારેતો અત્યારે હાલને હાલ જોઇએ

સુધડતારા— અત્યારે હાલતો નથી તે કયાંથી લાવું તમે થાળનો ચડાવો

બ્રાહ્મણ— પણ ના એતો પહેલા જોઇએ પછે કામ થાય

સુધડતારા— લ્યો ત્યારે આ મારો એકાવર હાર તમને આલું તો તો ઉતારશો કે તોયે નહી ઉતારો

બ્રાહ્મણ— બ્બા હવેતે શા માટે નહી ઉતારીએ મુકો થાળ હેઠળ ને લ્યો તમારા હાથ ધુવો.

આરતી.

આરતી શીવ ભોળાની કરીએ શીવ શીવ મુખ અતિ ઉચરીએ
ભસ્મ તીલક અતી શોભે અંગે દરશન અંતી હું પામુ સુખે

ગુણ તમારા અતીશે ગાઇએ તમ વરદાનથી સુખીઆ થઇએ
બીલીના પત્ર પાણીની ધારાએ સુખડ સુગંધી અતિશે અંગે
ધન્યધન્ય પુન્ય કીધાં ઉમીયાએ સ્વામી સુન્દીર પામી એ સુખે આ૦

લ્યો બેન હવે તમારા મનની જે ઇચ્છા હોય તે માહાદેવ પાસે કલ્પના કરો ને કહો કે માનતા માની લેજો.

સુધડતારા— ઓ ભોળા શીવ મારા મનની જે કલ્પના છે તે પાર પાડજો ને આ મારી માનેલી માનતા સ્વીકારજો

બ્રાહ્મણ— લ્યો બેન હવેતો ત્યારે હું જાઉછું શાથીજે મારે અહીં આંથી હજી પાંચ ગાઉ જવાનું છે

સુધડતારા— હા ભાઇ સુખે જાઓ

અમીરસિંહ— નારસિંહભાઇ આજે આપણે અહીંઆંથી મોડા નીકળી પડીશું માટે અહીંઆં આરામ લ્યો. અરે પણ આ વખતે લાગતો ઠીકછે માટે કેમ ચુકું નારસિંહને પહેલો વીખુટો પાડું પછે ફકડની નજરમાં આવે તેમ કરૂં ચાલ પેચ લઢાવવાદે નારસિંહભાઇ તું એક મારૂં કામ ન કરે

નારસિંહ— અરે એ શું બોલોછો ભાઇ તમારૂં કામ શા સારૂ નાં કરૂં

અમીરસિંહ— ત્યારે ભાઇ જંગલમાં જઇને એક હરણને પકડી લાવો શાથીકે મને રમાડવાનો શોખ થયોછે માટે જાઓ

નારસિંહ— હા ભાઇ આ ચાલ્યો

સુધડતારા— બેનો આજે મને ચંબેલી બાગમાંનાં ચંબેલીના પુષ્પો સુંગવાનો ઉમંગ થયો છે તે નહીં લઈ આવો

સાહેલીઓ— હાવે બેન શા સારૂ નહી લઇ આવીએ આ ચાલ્યાં

અમીરસિંહ— હાશ હવેતો વળી બરોબર લાગ ફાવ્યો આલ વખત આવેલો શું કરવા ચુકું પ્રીયા કેમછે

સુઘડતારા— મોટા ભાઈ તમારા ભાઇ ક્યાં ગયા ને તમો આ શું બોલો છો

અમીરસિંહ— પ્રીયા તેતો મરણ પામ્યો ને મને કહેતો ગયો છે કે તેની સંભાળ રાખજો માટે હવે તો મારી સાથે તૈયાર થાઓ

સુઘડતારા— અરે પાપી પોતાના મીત્રનું ભુંડું તાકી તારૂં સારૂં ઈચ્છે છે પણ તને ધીકાર છે જા જા દુર થા તારૂ કાળુ મોઢું લેઈ મારા સામો શું ઉભો છે પાપી દુર થા

અમીરસિંહ—હેં હેં હેં મારૂં કાળુ મુઢું ને મને ધીકાર ! આલ હીડે છે કે નહી

સુઘડતારા— અરે જા જા પાપી અધર્મી તારો લાભ તાકે છે પણ તારૂં કાંઇ વળવાનું નથી માટે ચાલ્યો જા કહુછું ચાલ્યોજા

અમીરસિંહ— હવે આ એમને એમ કાંઇ માનવાની નથી માટે એકદમ લેઈ જવી પ્રીયા માનો મારૂ કહેવું માનો

સુઘડતારા.— કોઈ બચાવોરે બચાવો

પેરાવાળો— શું છે

સુગડતારા— જમાદાર આ પાપી મારી ઈજ્જત લેવી ધારે છે

પેરાવાળો— ચલો જમાલખાં ઊસ્કુ બાંધકે લે ચલો

સુગડતારા— અરે પ્રભુ આ પાપીએ સ્વામીના પ્રાણ તો નહી લીધા હોય

સાહેલીઓ— બેન લ્યો ફુલ ને આલો હવે

બારસિંહ —અરે આમીરસિંહભાઈ ક્યાં ગયા શું દગો દેઈને જતા ર રહ્યા ચાલ જીવ હવે હું શું કરવા બેસી રહુ પણ આ બીચારા હરણને હવે છોડી દેવા દે

પ્રવેશ છઠો.

સ્થળ રસ્તો.

બ્રાહ્મણ— કેમ બંદાએ કેવો ઝપાટો માર્યો છે જો એમ ના કર્યું હોતતો કાંઈ મળવાનું નોતું પણ મોટા લોકો પાસેથી લેવું તેમાં તે શું

ઠગ— કેમ છો મહારાજ શું કરોછો.

બ્રાહ્મણ — ભાઇ એજતો કરમની કથા ક્યાંઇ જઇએ તો બે પૈસા લાઇ આવીએ

ઠગ— આજે કાંઈ મળ્યું કે નહી.

બ્રાહ્મણ — હા ભાઇ આજેતો ખુબ મળ્યું છે લ્યો જુઓ

ઠગ— આહા ખુબ સારૂં મળ્યું છે પણ પેલું કોણ આવે છે

બ્રાહ્મણ— ક્યાં ભાઇ કયાં કોઇ નથી આવતુંને

ઠગ— જુવો જુવો એક નજરે પેલો આવે

બ્રાહ્મણ — હાય હાય પેલો માણુસ કયાં ગયો હાય હાય મારીતો બધી મહેનત નકામી ગઈ હાય હાય હવે હું શું કરૂં હાય હાય કયાં હશે

બાલોરસિંહ — પ્રીયા વાલા પુવનો હજું સુધી કયાંઇ પતો લાગતો નથી હવે ક્યાં જોઇશું

કનકાવતી— સ્વામીનાથ ઋષિનો એવો આશીરવાદ છે કે સૌ સારૂ થશે માટે ફિકર કરશોમાં

બિશોરસિંહ — પ્રીયા હશે ત્યારે જેમ પરમેશ્વરે ધારી હશે તેમ ખરી ચાલો ત્યારે

બ્રાહ્મણ— અલ્યા ઓલ્યા મારો હાર આપ્ય જાયછે ક્યાં

બીલોરસિંહ— અરે ભાઇ શાનોહાર ને શાની વાત તું કાંઇ ગળે પડે છે કે શું

બ્રાહ્મણ— હાય હાય હવડાંતો તને હાર જોવા આપુ છું ને એટલી વારમાં ફરીજાય છે બસ મારો હાર લાવ્ય.

બીલોરસિંહ અરે ભાઇ પણ તું કહેછે કોને

બ્રાહ્મણ— કોનેતેં તને બસ મારો હાર લાવ્ય

કનકાવતી— સ્વામીનાથ આ શું કહે છે

બીલોરસિંહ— બીચારાનો કોક હાર લેઇ ગયો છે તેથી ગાંડો બનીગયોછે તેબકેછે

સીપાઇ— કેમ શું છે કેમ લઢો છો

બ્રાહ્મણ— ઓ સીપાઇ સાહેબ બાઇ સાહેબ મારો હાર લઇ જાયછે

સીપાઇ— તુંમ કોણુહો ઉસકા હાર દેદો તુંન

બીલોરસિંહ— અરે મીયાં તમેતે દેખ્યા ભાળ્યા વીના કોને કહોછો

સીપાઇ— કેમ આપો છો કે નહી

બીલોરસિંહ— શી રીતે પણ લીધો હોય તોને

સીપાઇ— ચાલો તમે એમ નહી માનો

બીલોરસિંહ— ચાલ ભાઇ એટલું વળી અધુરૂ હોયતો પુરૂં કરીએ પ્રાયાચાલો

પ્રવેસ સાતમો

સ્થળ જંગલ

નારસિંહ— માતુની શોધ કરી કરી થાક્યો મારા અંતસકરણને બહુ ઓછું આવે છે પણ ક્યાંઇ દેખાતું નથી અરે ઇશ્વર શું થયું હશે

ગાયન

મન અતીસે મુઝાય માતુની સોધ મલી નહી ક્યાંય
માતુ વગર આવાર સુજે નહી લગાર
બની બેહાલ રખડું વનમાંય માતુ
તન મુજને ખાવાધાય લાગેછે લાય
જાઉં હવે હું ક્યાંઇ માતુ
પ્રભુ દે સુખ કાપ્ય સૌ દુઃખ
જાણી તુજ બાળ કરજે રક્ષાય માતુ
માથે દુશમનનું છે જોર જંગલછે કઠોર
ઉમરછે બાળ કોઇ કરશે આવીને કાળ માતુ

પણ પેલું કોણ આવતું દેખાયછે અમીરસિંહ ભાઇતો નહી હોય હા તેવાજ દેખાયછે લાવ્ય સંતાવવાદે શું કહેછે તે સાંભળું પછે વાત

ચંદ્રસેન— હાશ હવે ફાવશે શાથીકે કેણુસિંહને મેં કીધેલુંછે કે ગુપ્ત રમત રમવાનીછે માટે હથીયારની કાંઇ જરૂર નથી એટલે તે હથીઆર વીના આવશેતો પછી આપડે બંદાને વેર લેવાનો લાગ ઠીક ફાવશે પણ અહા તે આવતો જણાયછે માટે સંતાઉંતો ઠીક

નારસિંહ— અહા મેં સરવત્ર સાંભળ્યું છે આ સાંભતાની સાથે મારો આત્મા કબુલ કરતો નથી પણ એ દુષ્ઠ કોને

મારવા તાકેછે તે જોવાદે પણ પહેલા સમસેર તૈયાર કરૂં

કેણુસિંહ.— અહા ચંદ્રસેને મને કીધું હતું ને હજુ કેમ ના આવ્યા.

ચંદ્રસેન— કેમ મીત્ર હવે તારૂં આવી બન્યું છે જે તારા ઈષ્ટદેવનું સ્મરણ કરવું હોય તે કરીલે.

કેણુસિંહ— અરે ભાઈ ચંદ્રસેન તું મીત્ર થઇ વેરી થયો પણ શું કરૂં આ વખતે મારી વાહલી શમશેર પણ મારાથી દુર છે નહી તો તારા બોલની સાથે તારા ટુકડે ટુકડા કરી નાખોત પણ હવે શું કરૂં હે પ્રભુ કોઇ નથી.

ચંદ્રસેન— કેમ જો હવે ચંદ્રસેનના સપાટા.

નારસિંહ— અરે પાપી લેતોજા.

કેણુસિંહ— અરે આ વખતે કોઇ નથી ને મને કોને બચાવ્યો ભાવ જોવાદે અરે ભાઇ તમે એક મોટો ઉપકાર કર્યો છે

નારસિંહ— વારૂ ભાઈ તમારે ને એને શું વેર હતું.

કેણુસિંહ— ભાઇ મારે ને એને વેર કંઇ નહોતું પણ મારા પિતાજીને ને એને વેર બહુ હતું.

નારસિંહ— હશે ભાઈ કાંઇ ચિંતા નહીં, સાવચેત રહેજો હું જાઉં છું.

કેણુસિંહ— મારા પરમ ઉપકાર કરનાર મિત્ર એમતે જવાય કે એક વાર મારી સાથે ચાલો મારા પિતાશ્રીને મળીને જજો.

નારસિંહ— હા ચાલો ભાઈ ત્યારે જેવી તમારી મરજી

પ્રવેશ આઠમો.

સ્થળ ગર્વસિંહની કચેરી.

ગર્વસિંહ— કેમ પ્રધાનજી પુત્ર કાલનો કેમ દેખાતો નથી.

પ્રધાન— મહારાજા કોઈ મીત્ર મંડળમાં બેઠા હશે તેથી નહીં આવી શકાયું હોય.

સિપાઈ— અન્નદાતાર આ કેણુસિંહજીબાઈ તથા તેમના મીત્ર પધારે છે.

ગર્વસિંહ— વારૂ સત્વર પ્રવેશ કરાવવો.

કેણુસિંહ— પિતાજી નમન કરૂં છું

ગર્વસિંહ— બેટા સુખી રહો બેટા તમારી સાથે આ આવેલ છે તે કોણ છે

કેણુસિંહ— પિતાજી મારો અત્યંત ઉપકાર કરી મને જીવતદાન આપ્યું છે તેજ છે.

ગર્વસિંહ— કેમ બેટા એમ બોલો છો.

કેણુસિંહ— પિતાજી આપણા વેરી ચંદ્રસેને મને હેત બતાવી જંગલમાં લઇ જઇ ત્યાં મારા ઉપર ન થાય તેવો જુલમ કરવા માર્યો એટલે તે પાપીને મારી મને આ નારસિંહજીએ બચાવ્યો છે.

ગર્વસિંહ— પ્રધાનજી અહા કેવી બાહાદુરી નારસિંહજી તેના બદલામાં હું તમને મારી અડધી રાજગાદી તથા વાલી પુત્રી સુધડતારાને ઘણી ખુશી સાથે હાથ મેળાપો કરી આપું છું વારૂ પ્રધાનજી પેલા કેદીઓ ક્યાં છે તે લાવો નારસિંહજી તે કેદીનો ઈનસાફ તમે જાતેજ કરો.

નારસિંહ— બહુ સારૂ. વારૂ પ્રધાનજી તે બ્રાહ્મણને પુછો કે તારે શું છે

બ્રાહ્મણ — ભાઈસાહેબ આ લોકો મારો હાર લેઇ ગયા છે

નારસિંહ — વારૂ તમે તેનો હાર લીધો છે કે

બીલોરસીંહ — ના ભાઇ અમે તેનો હાર નજરે તો દીઠો નથી તો વળી લીધો ક્યાંથી હશે

નારસિંહ— કેમ મહારાજ તમે જુઠું બોલો છો કે

બ્રાહ્મણ— ના ભાઇસાહેબ હું જુઠું નથી બોલતો તેમનેજ લીધેલો છે

નારસીંહ— વારૂ મહારાજ તે હાર તમે કયાંથી લાવ્યા હતા

બ્રાહ્મણ — રાજા સાહેબ મને રાજકુંવરીએ આપ્યો હતો

નારસીંહ— કેમ તમે આપ્યો હતો કે

સુગડતારા— હાજી

નારસીંહ— કેમ તમે લોકો એજ લીધો છે માટે આપો

બીલોરસીંહ— હમે કયાંથી લીજીએ હમે તો હમારા પુત્રની શોધ કરતા હતા ને આ બ્રાહ્મણ હમારા ગળે પડયો છે

નારસીંહ— વારૂ તમારૂં નામ શું છે ને તમે કોણ છો

બીલોરસિંહ— હું રાજા છું ને મારૂં નામ બીલોરસીંહ છે

નારસીંહ— અરે શું મારા વાલા પીતા તથા મારાં વાલી માતુ

બીલોરસીંહ— બેટા નારસીંહ તું અહીયાં ક્યાંથી

ગર્વસીંહ— કેમ નારસીંહજી આ તમારાં વાલાં માતુશ્રી તથા વાલા પીતાજી છે આહા કેવી ખુશાલી

સુઘડતારા— અહા શું મારાં સાસુજી (પગે લાગે છે)

નારસિંહ— વારૂ તમારે શું છે બાઇ

અમરસીંહ— બાઇ શું કહુ મારી જીભ કહેતાં ઉપડી શકતી નથી મેં તમારો અત્યંત ગુનો કર્યો છે વાલી સુગડતારા ઉપર મેં કુદષ્ટી કરી મને અત્યંત પસતાવો થાયછે માટે હું માફી માગુ છું મને માફ કરશો મારૂં નામ અમીરસીંહ છે

નારસિંહ— અમીરસીંહભાઇ અમીરસીંહભાઇ તમારે આવું ના કરવું જોઇએ આ વખતે મારૂ હૃદય ગણું ઉભરાઇ જાય છે પણ શું કરૂં તમારો ઉપકાર મને યાદ આવે છે જાઓ સીપાઇ તેમના હાથેથી બેડીઓ કાઢી નાખો

અમારસિંહ— અરે મને મારા પાપનોજ બદલો મળ્યો માટે સત્યે જય અને અસત્યે ક્ષય માટે ભાઇઓ હુ મારી માગું છું

સર્વ પાત્રો **સ્તુતી**

શાંન્તી કર દુખ સૌ હર જગદીશ પતિ
શંભુ કાળ તું નીવાર કૃપા કરી અતિ
માણસને આધાર તારો છે સદા
દુષ્ટ હણી ભક્તાની હરોછો આપદા
કાપો કષ્ટો આપો સુખ જરા જય કરો દુખહરા
આપજે મતી

સર્વને નમું હર્ષ હું ધરૂં
કરજે સાહ્ય સર્વને શંભુ
એટલી અરજ ઉરમાં ધરો
ચડતી પડતી સર્વને. છે તાહરી ગતી વિપતી
સર્વને મટાડજે અતી
ઉમંગ હેતથી ખેલ આ રચ્યો
શ્રાતા જન સહુ ભુલ ચુક માફ કરજો
રચ્યો દુલભે હેતથી ઘણો
વાંચી હેતે પ્રિતે મન ધરો
હર્ષ ઘણો તે વધારો મનઅતી શાન્તી.

સમાપ્ત.

જાહેર ખબર.

વાંચો વાંચો અને ગ્રાહક થઇ આ અમુલ્ય લાભ લો.

અમારી તરફથી આ સુગડતારા નામનું અપૂર્વ રસ ભરેલું આ પુસ્તક સામટાં મંગાવનારને રોકડી કીમતે લાભ મળે તેવી રીતે આપીશું જેઓને જોઇએ તેમણે પોસ્ટપેડ કાગળ લખવો નોટપેટ પત્ર લેવામાં આવશે નહી આ વીશે જેમને જોઇએ તેમણે નીચેના શીરનામે મંગાવવા તસ્દી લેવી.

મુ૦ વડનગર

રામી. દુલભરામ ગીરધરદાસ

ઠે૦ સલાટવાડામાં

